મલ્ટીપ્લેક્સમાં ફીફાની ફાયનલ દર્શાવાશે

રાંદેરમાં મોટા સ્ક્રીન અને પ્રોજેક્ટર પર મેચ નિહાળવા ચાહકો ઊમટશે

સુરતઃ ફૂટબોલ વિશ્વની સૌથી લોકપ્રિય રમત ગણાય છે અને ફિફા વર્લ્ડકપની ફાઈનલને લઈ વિશ્વભરના ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ફિફા વર્લ્ડકપ-2026ની ફાઈનલમાં આર્જેન્ટીના અને સ્પેન આમને-સામને ટકરાશે. આ રોમાંચક મુકાબલો 19 જુલાઈએ અમેરિકાના ન્યૂ જર્સી સ્થિત મેટલાઈફ સ્ટેડિયમમાં રમાશે. ભારતીય સમય અનુસાર મેચ રવિવારની મધરાત બાદ 12:30 વાગ્યે શરૂ થશે.

વિશ્વભરની જેમ સુરતમાં પણ ફાઈનલનો જબરદસ્ત માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં ધીરેધીરે હવે આ ગેમપ્રત્યે લગાવ વધી રહ્યો હોવાથી તમામ મલ્ટીપ્લેક્સમાં તેના શો રાખવામાં આવ્યા છે. સુરત શહેરમાં ખાસ કરીને રાંદેર વિસ્તારને ફૂટબોલનું મક્કા તરીકે ઓળખવામાં આવે છે. વર્ષોથી અહીં ફૂટબોલ પ્રત્યે લોકોમાં અનોખો લગાવ રહ્યો છે. અનેક યુવાનો ફૂટબોલ સાથે જોડાયેલા છે, જ્યારે વર્લ્ડકપ દરમિયાન દરેક મેચને લઈને ભારે ઉત્સાહ જોવા મળે છે. હવે ફાઈનલ મેચને લઈને રાંદેરના વિવિધ વિસ્તારોમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. ફૂટબોલપ્રેમીઓ પોતાનાં ઘરોમાં પરિવાર અને મિત્રો સાથે મેચ નિહાળશે તો અનેક યુવામંડળો અને રમતપ્રેમી સંસ્થાઓએ પણ સામૂહિક રીતે ફાઈનલ જોવાનું આયોજન કર્યું છે. મોટા એલઈડી સ્ક્રીન, પ્રોજેક્ટર અને સાઉન્ડ સિસ્ટમ સાથે મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. ઘણાં સ્થળોએ મધરાતે પણ રમતપ્રેમીઓ માટે બેઠક વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ ગોઠવવામાં આવી છે, જેથી લોકો સાથે મળીને ફાઈનલની રોમાંચક પળો માણી શકે. બીજી તરફ સુરતમાં વસતા બંગાળી સમાજમાં પણ ફૂટબોલનો ભારે ક્રેઝ હોવાથી નાનપુરા વિસ્તારમાં સામૂહિક રીતે ફાઈનલ મેચ નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ અહીં એકત્રિત થઈ પોતાની મનપસંદ ટીમને સમર્થન આપશે. યુવાનોમાં ખાસ કરીને આર્જેન્ટીના અને સ્પેનના સમર્થકો વચ્ચે મેચને લઈને ચર્ચાઓનો દોર પણ તેજ બન્યો છે.

ફૂટબોલના જાણકારોનું માનવું છે કે, બંને ટીમો મજબૂત હોવાથી ફાઈનલ અત્યંત રોમાંચક અને કાંટેની ટક્કરની બનવાની સંભાવના છે. પરિણામ જે પણ આવે, પરંતુ સુરતના ફૂટબોલપ્રેમીઓ માટે આ મધરાત રમતના ઉત્સવમાં ફેરવાઈ જશે અને વર્લ્ડકપની ફાઈનલને યાદગાર બનાવવા શહેરમાં અનોખો માહોલ સર્જાશે.

આ અંગે સાઉથ ગુજરાત ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ કમલેશ સેલર જણાવે છે કે, આથી પહેલાં ફૂટબોલની દરેક પ્રતિયોગિતા ભારતીય સમય મુજબ હતી, ત્યારે રાંદેરમાં ખૂબ જ મોટાપાયે જાહેર સ્થાનો તથા ફૂટબોલનાં મેદાનો ઉપર મોટી સ્ક્રીન લગાડીને મેચ ફૂટબોલ પ્રેમીઓએ નિહાળી હતી. જો કે, આ વખતે પ્રસારણ ભારતીય સમય મુજબ 12:30 લેટ નાઈટ શરૂ થતી હોવાથી ગ્રાઉન્ડ ઉપરનાં આયોજનો માકૂફ રાખ્યાં છે. બીજી તરફ વરસાદની સિઝન હોવાથી આ આયોજન રદ કરવામાં આવ્યું છે.

વેસુની બિલ્ડિંગમાં 8મા માળે આગ: વૃદ્ધા સહિત ત્રણ ફસાયા

ધૂમાડાના કારણે 91 વર્ષીય વૃદ્ધા બેભાન થયા, બેડરૂમનો દરવાજો તોડી ત્રણેયનું રેસ્ક્યૂ કરાયું

સુરતઃ શહેરના વેસુ વીઆઈપી રોડ પર આવેલી એક હાઈરાઈઝ બિલ્ડિંગના 8મા માળના ફ્લેટમાં શનિવારે વહેલી સવારે આગ લાગી ગઈ હતી. જોત જોતામાં આગને કારણે ફ્લેટની અંદર વધુ પ્રમાણમાં ધૂમાડો ફેલાઇ ગયો હતો. વૃદ્ધા સહિત પરિવારના ત્રણ સભ્યો અંદર જ ફસાઇ ગયા હતા.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ વીઆઈપી રોડ ખાતે આવેલી ગેલ કોલોની સામેં સનરાઈઝ રેસિડેન્સીના સી ટાવરના આઠમા માળ ઉપર આવેલા ફ્લેટ નંબર 801માં અગ્રવાલ પરિવાર રહે છે. દરમ્યાન શનિવારે વહેલી સવારે ફ્લેટની અંદર આગ લાગવાની ઘટના બની હતી.આ ઘટનાને પગલે પરિવારના ત્રણ સભ્યો અંદર જ ફસાઇ ગયા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા અલગ અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી સાથે જે અંદર ફસાયેલા ત્રણ સભ્યોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતું. સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે ફ્લેટની અંદર બે ત્રણ સભ્યો જે હતા તેઓ સમયસર બાહર નીકળી ગયા હતા જ્યારે એક વૃદ્ધા શાંતાબેન મહેશ્વરી (91 વર્ષ), અનિરુદ્ધભાઈ મહેશ્વરી (71 વર્ષ) અને આરતીબેન મહેશ્વરી (76 વર્ષ) અંદર જ ફસાઇ ગયા હતા જેમને રેસ્ક્યુ કરીને બાહર કાઢવમાં આવ્યા હતા. ધૂમાડાના કારણે વૃદ્ધા શાંતબેન બેભાન થઇ ગયા હતા. જેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બેડરૂમનો દરવાજો તોડીને વૃદ્ધા સહિત ત્રણ સભ્યોને બાહર કાઢવામાં આવ્યા

સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે અમારી ટીમ અંદર પહોંચી ત્યારે બેડરૂમનો દરવાજો અંદરથી બંધ હતો અને ત્રણે સભ્યો અંદર જ ફસાઇ ગયા હતા. આગને કારણે ધૂમાડો એટલી હદે પ્રસરી ગયો હતો કે અંદર કઈ દેખાતું પણ ન હતું. અમારા જવાનો બીએસએફ પહેરીને અંદર ગયા હતા અને બેડરૂમનો દરવાજો તોડીને ત્રણ સભ્યોને બાહર કાઢવામાં આવ્યા હતા.

NEETમાં યોગી પ્રકૃતિ વિદ્યાલય અને વશિષ્ઠનો દબદબો

યોગીમાં ચાર વિદ્યાર્થીએ 600થી વધુ અને 39 વિદ્યાર્થીએ 500થી વધુ ગુણ મેળવ્યા

વશિષ્ઠમાં 219માંથી 166 વિદ્યાર્થી ક્વોલિફાય, 21 વિદ્યાર્થીએ 500થી વધુ ગુણ મેળવ્યા

સુરતઃ NEET-UG 2026ના પરિણામમાં કતારગામ સ્થિત યોગી પ્રકૃતિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. શાળાના ચાર વિદ્યાર્થીએ 600થી વધુ અને 39 વિદ્યાર્થીએ 500થી વધુ ગુણ મેળવ્યા છે. શાળાની વિદ્યાર્થીની મિતાલી ભિંગરાડીયાએ 720માંથી 641 ગુણ મેળવી EWS કેટેગરીમાં સમગ્ર દેશમાં 184મો રેન્ક મેળવ્યો છે. મૂળ ભાવનગરના ઉમરાળા તાલુકાના ટીંબી ગામની વતની અને હાલ સુરતમાં રહેતી મિતાલી અભ્યાસમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરતી વિદ્યાર્થીની તરીકે ઓળખાય છે. તેના પિતા એમ્બ્રોઇડરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. મિતાલીનું લક્ષ્ય કુશળ અને સેવાભાવી તબીબ બની સમાજસેવા કરવાનું છે. આ પરિણામના આધારે તેને એઇમ્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં MBBSમાં પ્રવેશ મેળવવાની સારી તક ઊભી થઈ છે. મિતાલીએ પોતાની સફળતાનો શ્રેય માતા-પિતાના સહયોગ, શિક્ષકોના માર્ગદર્શન અને નિયમિત મહેનતને આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે મિતાલીએ તાજેતરમાં જાહેર થયેલા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં 500માંથી 487 ગુણ મેળવી શહેરમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેણે 97.40 ટકા અને 99.99 પર્સેન્ટાઇલ સાથે પોતાની શૈક્ષણિક પ્રતિભા અગાઉ પણ સાબિત કરી હતી.

શાળાના ટોપ-4 વિદ્યાર્થીઓ (720માંથી મળેલા ગુણ)

નામ	ગુણ
મિતાલી ભિંગરાડીયા	641
હેમાંશી વરિયા	618
હેવીલ શેટા	616
પ્રયાંશી ચૌહાણ	601
કુલ વિદ્યાર્થી	219
ક્વોલિફાય	166
500 થી વધુ ગુણ	21
400 થી વધુ ગુણ	43
MBBS પ્રવેશ સંભવિત	60 થી વધુ

વશિષ્ઠમાં હીરા કામદારના દીકરાએ મહેનતથી ઘડ્યું ડૉક્ટર બનવાનું સપનું

આર્થિક મર્યાદાઓ વચ્ચે પણ દૃઢ સંકલ્પ અને સતત મહેનતથી સફળતા મેળવી શકાય છે તેનું જીવંત ઉદાહરણ કામરેજના દર્શક કનુભાઈ મકવાણાએ પૂરું પાડ્યું છે. હીરા ઉદ્યોગમાં કામ કરતાં પિતાના દીકરા દર્શકે NEET-UG 2026માં 720માંથી 572 ગુણ મેળવી વશિષ્ઠ સંસ્થામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. દર્શકના પિતા હીરા ઉદ્યોગમાં કામદાર તરીકે પરિવારનું ગુજરાન ચલાવે છે. પિતાની કઠોર મહેનત અને સંઘર્ષને નજીકથી જોતા દર્શકે નક્કી કર્યું હતું કે શિક્ષણના બળે પરિવારના સપનાને નવી ઊંચાઈએ પહોંચાડવી છે. આ સંકલ્પને સાકાર કરવા તેણે નિયમિત અભ્યાસ અને શિસ્તબદ્ધ તૈયારીને જીવનનો ભાગ બનાવી દીધો. NEET જેવી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષા માટે દર્શકે દરરોજ સરેરાશ 6થી 7 કલાક નિયમિત અભ્યાસ કર્યો હતો. દર્શકે તૈયારી દરમિયાન 100થી વધુ મોક ટેસ્ટ આપી દરેક ટેસ્ટનું વિગતવાર વિશ્લેષણ કર્યું હતું.

ઉત્રાણમાં કાફેમાં તોડફોડ કરી લૂંટ ચલાવનાર ઝડપાયો

સુરત : ઉત્રાણ વિસ્તારમાં આવેલા 'ભગતની ચા' કાફેમાં ઘૂસીને તોડફોડ કરવા તથા કારીગરને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૧૫,૦૦૦ની કિંમતના સિગારેટના ૬૫ પેકેટની લૂંટ ચલાવનાર રીઢા ગુનેગારને ઉત્રાણ પોલીસે ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.

ગઇ તારીખ ૧૫ અને ૧૬ જુલાઈ ૨૦૨૬ દરમિયાન રાત્રે ઉત્રાણ ખાતે અભિષેક અશોકકુમાર માંગુકિયાના ભગતની ચા કાફેને નિશાન બનાવી એક શખ્સે ગલ્લામાંથી બ્રાન્ડેડ સિગારેટના પેકેટો લૂંટી લીધા હતાં. જેમાં આરોપી સામે કાફેમાં પ્રવેશ કરી તોડફોડ કરવાનો ગુનો દાખલ થયો હતો. જેની ફરિયાદ થતાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. આ કેસમાં પોલીસે આરોપી સૂર્યદીપ ઉર્ફે સૂર્યાભાઈ ભરતભાઈ વિરડીયા (ઉ.વ.૩૨, ધંધો- મજુરી, રહે. સંસ્કૃત એવન્યુ, અભિષેક રેસીડેન્સીની બાજુમાં, સાયણ રોડ, કોસાડ, અમરોલી, સુરત)ને ઝડપી પાડ્યો છે.

એરપોર્ટ પર CISFએ સાડા ત્રણ લાખની બંગડી શોધી કાઢી

સુરતઃ 17 જુલાઈના રોજ બેંગ્લુરુથી ઇન્ડિગોની ફ્લાઇટ 6E-465 દ્વારા સુરત પહોંચેલી રિયા જૈને આગમન બાદ CISFનો સંપર્ક કરીને પોતાનું સોનાનું કંગન ખોવાઈ ગયાની જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ CISFએ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈને શોધખોળ શરૂ કરી હતી. CISFના જવાનોએ એરપોર્ટના સંબંધિત વિસ્તારનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું તેમજ ઉપલબ્ધ CCTV ફૂટેજનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કર્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મહિલા મુસાફર એરોબ્રિજમાંથી નીચે ઊતરતી વખતે અજાણતા કંગન હાથમાંથી નીચે પડી ગયું હતું. ત્યારબાદ પાછળથી આવી રહેલા અન્ય એક મુસાફરે તે કંગન અજાણતાં ઉઠાવી લીધું હતું અને પોતાની સાથે એરપોર્ટની બહાર લઈ ગયો હતો.

લાંચના 4 લાખ પાણીમાં નાંખી દીધા હોવાનું પરવાનાનું રટણ

રૂ.15 લાખની લાંચ કેસમાં વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

સુરતઃ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાર્યપાલક ઇજનેર વિપુલકુમાર ગણશેવાલાના નામે રૂ.15 લાખની લાંચ માંગવાના કેસમાં કથિત પત્રકાર મોહમ્મદ ઇસ્લામ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણને સ્પેશિયલ એ.સી.બી. કોર્ટે આગામી સોમવાર સુધીના ફર્ધર વધુ પોલીસ રિમાન્ડ પર સોંપ્યો છે. સુરત ગ્રામ્ય એ.સી.બી.ના પી.આઈ. એસ.ડી. ધોબીએ વધુ તપાસ માટે 14 દિવસના ફર્ધર રિમાન્ડની માંગણી કરી હતી, જેમાં કોર્ટે સોમવાર સુધીનો રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગેરકાયદે બાંધકામ નહીં તોડવા માટે પત્રકાર મોહમ્મદ ઇસ્લામ ઉર્ફે પરવાના પઠાણે પ્રથમ રૂ 21 લાખ અને બાદમાં સમાધાનરૂપે રૂ.15 લાખની લાંચની માંગણી કરી હતી. પ્રથમ હપ્તા તરીકે રૂ.4 લાખ આપવાનું નક્કી થતાં ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જોકે ટ્રેપની શંકા જતાં તે લાંચની રકમ લઈને ફરાર થઈ ગયો હતો. આશરે પાંચ મહિના બાદ હાજર થયેલા આરોપીએ અગાઉના રિમાન્ડ દરમિયાન તપાસમાં સહકાર ન આપ્યો હોવાનું એ.સી.બી.એ કોર્ટમાં રજૂ કર્યું હતું.

એ.સી.બી.એ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે ટ્રેપના રૂ.4 લાખ હજુ સુધી રિકવર થયા નથી. આરોપી ક્યારેક પૈસા પાણીમાં નાંખી દીધાનું તો ક્યારેક જેલમાંથી છૂટ્યા પછી માણસ મોકલી આપવાનું કહી ગેરમાર્ગે દોરે છે. ઉપરાંત ગુનામાં વપરાયેલો મોબાઇલ ફોન પણ આરોપીએ સોંપ્યો નથી. આરોપીના કોલ રેકોર્ડ, વોટ્સએપ ચેટ અને અન્ય ડિજિટલ પુરાવા મેળવવા માટે મોબાઇલની જપ્તી જરૂરી છે. તપાસ દરમિયાન આરોપીને ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે લઈ જઈ વોઇસ કંટ્રોલ સેમ્પલ તેમજ એલ.વી.એ. ટેસ્ટ કરાવવાનો પણ બાકી હોવાનું એ.સી.બી.એ જણાવ્યું હતું. ઉપરાંત ફરારી દરમિયાન અજમેર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને મુંબઈમાં આરોપીને આશરો આપનાર વ્યક્તિઓ અને સ્થળોની તપાસ કરવાની પણ જરૂરિયાત દર્શાવવામાં આવી હતી.

સુરતમાં અચાનક બેભાન થયા બાદ બે યુવકનાં મોત

હીરાના કારખાનાની લિફ્ટમાં જતો યુવક ઢળી પડ્યો, હાર્ટ એટેકની આશંકા

સુરતઃ સુરતમાં અચાનક બેભાન થઈ જવાથી મોત થવાની ઘટનાઓ ચિંતાજનક રીતે સામે આવી રહી છે. છેલ્લા 24 કલાકમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બે યુવાન કામ દરમિયાન અચાનક બેભાન થઈ જતાં તેમના મોત થયા હતા. બંને કિસ્સામાં પ્રાથમિક રીતે હાર્ટ એટેકની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મૂળ ઝારખંડના અને હાલ પરવત ગામના સંતોષનગરમાં રહેતા 30 વર્ષીય વિષ્ણુ અવતારી યાદવ રિંગ રોડ સ્થિત રાધાકૃષ્ણ માર્કેટમાં સાડી ફોલ્ડિંગનું કામ કરતા હતા. ગુરુવારે રાત્રે કામ દરમિયાન તેઓ અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા.

સારવાર માટે તેમને સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી ઘટનામાં મૂળ મહારાષ્ટ્રના રાયગઢના અને હાલ ઓલપાડના રામેશ્વર પાર્કમાં રહેતા 26 વર્ષીય રોશન રવિન્દ્ર રીંગે કતારગામની નંદુ ડોશીની વાડી વિસ્તારમાં આવેલી હીરાની ફેક્ટરીમાં કામ કરતાં હતા. બપોરે લિફ્ટમાં જતી વખતે તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા, પરંતુ તબીબોએ મૃત જાહેર કર્યા હતા. બંને યુવકોના મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ અને તબીબી તપાસ બાદ સ્પષ્ટ થશે, જોકે પ્રાથમિક માહિતી મુજબ હાર્ટ એટેકની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરતની મિલેનિયમ-2 અને 4 માર્કેટના વેચાણ પર બ્રેક યથાવત્

પૂર્વ ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની મધ્યસ્થી તરીકેની નિમણૂક પછી 17મી જુલાઈએ સુનાવણી થઈ

આગામી સુનાવણી સુધી મધ્યસ્થી વડે ઉકેલ લાવવાનો પ્રયાસ કરાય ત્યાં સુધી કંપનીની તમામ મિલકતોનો સ્ટેટસ ક્વો જાળવવા આદેશ

સુરતઃ સુરતના ગજેરાબંધુઓ સાથે સંકળાયેલા વિવાદમાં શનિવારે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. પૂર્વ ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની મધ્યસ્થી તરીકેની નિમણૂક પછી 17મી જુલાઈએ સુનાવણી થઈ હતી. એમાં સુરતની મિલેનિયમ-2અને 4 માર્કેટના વેચાણ પર બ્રેક યથાવત રાખવામાં આવી છે. આગામી સુનાવણી સુધી મધ્યસ્થી ઉકેલ લાવવાનો પ્રયાસ કરાય ત્યાં સુધી કંપનીની તમામ મિલકતોનો સ્ટેટસ ક્વો જાળવવા આદેશ આપવામાં આવ્યો છે.

મિલેનિયમ માર્કેટ-2 અને મિલેનિયમ માર્કેટ-4ના વેચાણ વ્યવસ્થા અટકાવતો સુપ્રીમ કોર્ટનો મનાઈ હુકમ વધુ સમય માટે લંબાયો છે. અગાઉ શાંતિ રેસિડેન્સીસ પ્રા.લિ.ના ભાગીદાર પ્રવીણ અગ્રવાલે વસંત ગજેરા સહિતના લક્ષ્મી ગ્રુપ ઓફ કંપનીસના માલિકો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ અનુસંધાને સુપ્રીમ કોર્ટે તા.30/04/2026ના રોજ ફરમાવેલ હુકમ મુજબ સમાધાન બાબતે મીડીએટર તરીકે પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા સંજીવ ખન્નાની નિમણૂક કરી સમાધાનની પ્રક્રિયા હાથ ધરવા લક્ષ્મી ગ્રુપ ઓફ કંપનીઝના માલિકો વિરુદ્ધ અટકાયતી પગલાં અટકાવ્યાં હતાં.

સાથે સાથે કંપનીની તમામ માલ-મિલકતોની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો સુપ્રીમ કોર્ટે હુકમ ફરમાવ્યો હતો. જેથી મિલેનિયમ માર્કેટ-2 અને 4 સહિતની શાંતિ રેસિડેન્સી કંપનીની માલ મિલકતોના વેચાણ પર પણ સુપ્રીમ કોર્ટે રોક લગાવેલી હતી. જે મનાઈ હુકમ બંને પક્ષકારો વચ્ચે મીડીયેશન ચાલતું હોવાથી લંબાવવામાં આવ્યો છે.

સગીરા પર દુષ્કર્મ ગુજારનારો સોશિયલ મીડિયા ફ્રેન્ડ પકડાયો

સુરત : મોટા વરાછામાં રહેતી ધોરણ -12ની 15 વર્ષની વિદ્યાર્થિનીને આજ વિસ્તારમાં રહેતા 20 વર્ષીય યુવકે સોશિયલ મીડિયા એપ 'સ્નેપચેટ' ના માધ્યમથી ચાર મહિના પહેલા પ્રેમજાળમાં ફસાવી હતી. કિશોરીને તેની મિત્રતાની વાત માતા-પિતાને કહી દેવાની ધમકી આપી યુવકે મોટા વરાછાના મોલમાં આવેલી હોટેલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાની જાણ પરિવારને થતા મામલો ઉત્રાણ પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે કાર્યવાહી કરી યુવકની ધરપકડ કરી છે. મોટા વરાછા હીરાબાગ પાસે ઇન્દિરાનગરમાં રહેતો અને ડેરી ચલાવતો ૨૦ વર્ષીય અક્ષય મહેશભાઇ મેરની ધરપકડ કરી હતી. આ રીતે ઉત્રાણ પોલીસે ગણતરીના સમયમાં આરોપીને પકડી પાડ્યો હતો.

ભાડાની લક્ઝુરિયસ કાર સગેવગે કરનાર ઝડપાયો

વડોદરા, અમરોલી અને કીમના ગુના ઉકેલાયા

સુરતઃ ભાડે લીધેલી મોંઘીદાટ ફોર-વ્હીલર કારનું જીપીએસ બંધ કરી, નંબર પ્લેટ કાઢી નાંખી અને બારોબાર સગેવગે કરી દેતી આંતર જિલ્લા ગેંગના મુખ્ય સૂત્રધારને સુરત શહેર ક્રાઇમ બ્રાંચે ઝડપી પાડી રૂ.25 લાખની બે લક્ઝુરિયસ કાર કબજે કરી છે. આરોપીની ધરપકડ સાથે વડોદરા, અમરોલી અને કીમ વિસ્તારમાં આચરાયેલી છેતરપિંડીના બનાવોનો પણ ભેદ ઉકેલાયો છે.

ક્રાઇમ બ્રાંચને મળેલી ચોક્કસ બાતમીના આધારે અડાજણ સરદાર બ્રિજ નીચે પાર્કિંગ વિસ્તારમાં વોચ ગોઠવી મોટા વરાછાની આગમન રેસિડેન્સીમાં રહેતા તથા મૂળ અમરેલીના લાઠીના શાખપુર ગામના 20 વર્ષીય દીપ હરેશભાઈ ડોબરિયાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે આરોપીના કબજામાંથી રૂ.12 લાખની કિયા સેલ્ટોસ અને રૂ.13 લાખની અર્ટિગા વીએક્સઆઈ કાર મળી કુલ રૂ.25 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કિયા સેલ્ટોસ પર નંબર પ્લેટના સ્થાને ઓળખ છુપાવવા માટે 'સ્ટેટ ઓફ રામાધણી' લખેલું હોવાનું પણ સામે આવ્યું હતું.

પૂછપરછ દરમિયાન આરોપીએ અનેક ગુનાઓ કબૂલ્યા હતા. ડિસેમ્બર-2025માં અમરોલીમાંથી 11 મહિનાના ભાડે લીધેલી અર્ટિગા કાર માત્ર એક મહિનાનું ભાડું ચૂકવી સગેવગે કરી દીધી હતી અને માલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

પાણી લીકેજ અને લો-પ્રેશરની ફરિયાદો વધતા મનપા સખ્ત

સ્થાયી સમિતિમાં અધ્યક્ષ રાજન પટેલે ઇજારદારોને બોલાવ્યા, વાલનું નિયમિત મેન્ટેનન્સ કરી પાણીના દબાણની સમસ્યા તાત્કાલિક દૂર કરવા સૂચના

સુરતઃ સુરત શહેરમાં ખાડીપૂર બાદ પાણી પુરવઠાની સમસ્યાઓમાં વધારો નોંધાયો છે. અનેક વિસ્તારોમાં પાણીની લાઈનોમાં લીકેજ થવા તેમજ ઓછા પ્રેશરથી પાણી મળતું હોવાની ફરિયાદો મનપાને સતત મળી રહી છે. આ મુદ્દે આજે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે પાણી પુરવઠા વ્યવસ્થામાં વાલ ઓપરેશનનું કામ સંભાળતા ઇજારદારોને બેઠકમાં હાજર બોલાવી કડક સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે શહેરમાં પાણીના વાલનું યોગ્ય રીતે સંચાલન અને નિયમિત મેન્ટેનન્સ કરવામાં આવે, જેથી પાણીના દબાણમાં ઘટાડો, અનિયમિત પુરવઠો અને લીકેજ જેવી સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ આવે. અધ્યક્ષે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ખાડીપૂર બાદ ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાણી પુરવઠા વ્યવસ્થા વધુ અસરકારક બનાવવી જરૂરી છે. શહેરના કોઈપણ વિસ્તારમાં ઓછા પ્રેશરથી પાણી મળતું હોવાની કે વાલના સંચાલનમાં બેદરકારીની ફરિયાદો હવે આગળથી આવવી જોઈએ નહીં. સ્થાયી સમિતિએ ઇજારદારોને પાણી પુરવઠાની સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા કરી જ્યાં જરૂર હોય ત્યાં વાલનું રિપેરિંગ, મેન્ટેનન્સ અને લીકેજ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવા સૂચના આપી છે.

સંક્ષિપ્ત સમાચાર

ઇનોવેશનમાં ઇજનેરોની ભૂમિકા અંગે સેમિનાર યોજાયો

સુરતઃ સ્વામી આત્માનંદ સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SSASIT), સુરત ખાતે પ્રથમ વર્ષના એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે આયોજિત ઇન્ડક્શન પ્રોગ્રામ અંતર્ગત 'રોલ ઓફ એન્જીનિયર્સ ઇન ઇનોવેશન'વિષય પર સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં સુરત પ્રેસ્ટેક પ્રા. લિ.ના મેનેજિંગ ડિરેક્ટર નીતિન કે. ઓઝાએ મુખ્ય વક્તા તરીકે વિદ્યાર્થીઓને નવીનતા, સંશોધન, ટેક્નોલોજી આધારિત ઉકેલો તથા ઉદ્યોગોની જરૂરિયાતો અંગે માર્ગદર્શન આપ્યું. ડો. જિગ્નેશ વઘાસિયાના માર્ગદર્શન હેઠળ અને પ્રો. ડો. ઉર્વિશા લાઠિયાના સંકલનમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લીધો અને ઉદ્યોગલક્ષી અભિગમ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

ભેગું કરવા નહીં ભેગા થવા માટે મનુષ્ય દેહ મળ્યો છે: આચાર્ય પદ્મદર્શનસૂરીજી

ભીવંડીઃ નવી ચાલ સ્થિત સુપાર્શ્વનાથ જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, અનંતકાળની ભવયાત્રાનો ઇતિહાસ એક લીટીમાં કહેવો હોય તો એમ કહી શકાય કે અમે જન્મ્યા, જીવ્યા અને મરી ગયા. જન્મ, જીવન અને મૃત્યુની સાઇકલ સડસડાટ દોડ્યા કરે છે એનું કારણ એ છે કે આ સાઇકલને બ્રેક જ નથી. આપણે પેંડલ મારવાનું જ કામ કર્યું છે. બ્રેક વિનાની સાઇકલ કાંતો દોડ્યા કરે અને કાંતો અકસ્માત કરે. જન્મને અટકાવવા અજન્મા બનવાની અને મૃત્યુને અટકાવવા અમર બનવાની સાધના કરવી પડે. એ માટે જ મનુષ્ય ભવ મળ્યો છે. ભેગું કરવા માટે મનુષ્ય ભવ મળ્યો નથી, પણ ભેગા થવા માટે મળ્યો છે.